**બિન સરકારી માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થી સંખ્યામાં ઘટાડો થતાં સીનીયર બિન શૈક્ષણિક સ્ટાફને જે તે જગાએ ચાલુ રાખવા બાબત..**

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ-૧૩૯૪-૩૬૪(૦૭)-ગ,
સચિવાલય, ગાંધીનગર,
તા.૫મી ઓક્ટોબર, ૨૦૦૭.

**વંચાણે લીધા :-**

(૧) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક:જીએસી-૧૦૭૯-૨૯૧૪૦-ગ, તા.૨૭-૪-૧૯૭૯.
(૨) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક:એસએસએન-૫૦૭૭-૮૪૯૫૦-ગ, તા.૨૮-૧૨-૭૭
(૩) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક: બમશ-૧૧૮૦-૧૧૧૮૬-ગ, તા.૮-૩-૧૯૮૨.
(૪) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક: બમશ-૧૩૯૪-૩૬૪-(૯૭)-ગ, તા.૨૨-૨-૯૯.
(૫) ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ તથા ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪ની જોગવાઇઓ.

**ઠ રા વ :-**

બિન સરકારી માધ્યમિક શાળાઓમાં બિન શૈક્ષણિક કર્મચારીઓનું મહેકમ વિદ્યાર્થી સંખ્યાના આધારે મળવાપાત્ર છે. વંચાણે લીધેલ ઠરાવો અન્વયે મળવાપાત્ર મહેકમના નોર્મ્સ નક્કી કરવામાં આવેલ છે. હાલમાં વંચાણે (૪) આગળ દર્શાવેલ તા.૨૨-૨-૧૯૯૯ના ઠરાવ મુજબ બીન-શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ અને પેટર્ન અમલમાં છે. સદર ઠરાવના ફકરા નં.૩ની જોગવાઇ મુજબ વિદ્યાર્થી સંખ્યામાં ઘટાડો થવાને કારણે મળવાપાત્ર મહેકમમાં ઘટાડો થતાં, તા.૧-૭-૧૯૯૮ કે ત્યારબાદ નિમણુંક પામેલ જુનિયર કલાર્કને છુટા કરવાના જયારે અન્ય બીન-શૈક્ષણિક સ્ટાફને યથાવત્ રીતે સેટ-અપ મુજબ ચાલુ રાખવાના રહે છે.

ગુજરાત રાજય માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળ તરફથી રજુઆત થયેલ છે કે, વિદ્યાર્થી સંખ્યા ઘટતાં સીનીયર બિન શૈક્ષણિક કર્મચારીઓને પાયરી ઉતાર (રીવર્ટ) આપવામાં આવે છે. મહામંડળની આ રજુઆત કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ અંગે પુખ્ત વિચારણાને અંતે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠ રા વ :-**

બિન સરકારી માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થી સંખ્યા ઘટે ત્યારે સેટ-અપમાં ફેરફાર કરવાને બદલે સૌથી છેલ્લા નિમણુંક પામેલ જુનિયર એવા જુનિયર કલાર્ક કે જે તા.૧-૭-૧૯૯૮ કે ત્યારબાદ નિમણુંક પામેલ હોય તેને નોકરીમાંથી છુટા કરવાના રહેશે તથા બાકીના સેટ-અપ મુજબના સીનીયર વહીવટી કર્મચારીને ત્રણ વર્ષ સુધી પાયરી ઉતાર (રીવર્ટ) કરવાને બદલે જે તે જગ્યા ઉપર ચાલુ રાખવાના રહેશે અને સતત ત્રણ વર્ષ સુધી વિદ્યાર્થી સંખ્યા નોર્મ્સ કરતાં ઘટેલી રહે તો ચોથા વર્ષે તે

કર્મચારીઓને મળવાપાત્ર જગ્યા સામે પાયરી ઉતાર (રીવર્ટ) કરવાના રહેશે. પરંતુ, આ રીતે જુનિયર ક્લાર્કને છુટા કરવાથી જુનિયર ક્લાર્કની જગ્યાનું કામકાજ બાકીના વહીવટી કર્મચારીઓએ સંભાળવાનું રહેશે. અન્ય ઠરાવો/ હુકમોની જોગવાઇઓ યથાવત્ રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૧-૧૦-૨૦૦૭ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજેયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ. એમ. ગામીત )
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મધ્યાહ્ન ભોજન અને શાળાઓ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- બધા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.
- સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ.
- નાણાં વિભાગ, ગ.૧ શાખા, સચિવાલય,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત માધ્યમિક શાળા સેવા ટ્રિબ્યુનલ, અમદાવાદ.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શાળા સેવા ટ્રિબ્યુનલ, અમદાવાદ.
- પ્રમુખશ્રી,મહામંત્રીશ્રી, ગુજરાત રાજય માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળ. C/o શ્રી જે.બી. શાહ ઇંગ્લીશ સ્કુલ મોડાસા, જિ. સાબરકાંઠા.
- સેકશન અધિકારીશ્રી, ગ.૧- શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, છ-શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- ના.સે.અ.ની સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.

Norms-draft